ફરિયાદ દાખલ તારીખ :૩૦/૦૧/૨૩
રજીસ્ટર કર્યા તારીખ :૩૦/૦૧/૨૩
નિકાલ કર્યા તારીખ :૦૧/૦૫/૨૬
સમય અવધિ : વર્ષ–માસ–દિવસ

---

## મહેરબાન ગઢડાના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.ગઢડા(સ્વા.)

---

ક્રિમી.કેસ.નંબર : ૧૩૦/૨૦૨૩.
આંક :–૬૧

**ફરિયાદી:–** સરકારશ્રી

**–: વિરૂધ્ધ :–**

**આરોપી :–** ઈન્દ્રજીતભાઈ રાજુભાઈ ધાધલ.
ઉ.વ.૧૯, ધંધો:ખેતી,
રહે. ગઢડા સામા કાઠે,મોહનનગર,
તા.ગઢડા,જી.બોટાદ

**પ્રતિનિધિત્વ:–**

સરકારશ્રી તરફે :–વિ.એપીપીશ્રી.એસ.આર.પટેલ.

આરોપી તરફે :–વિ.વકિલશ્રી વી.કે.સોઢાતર.

---

**ગુનો :– ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૨૪,૫૦૪,૫૦૬(૨),૫૦૭, તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો...**

---

**–:: ચુ કા દો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૦૩/૧૦/૨૨ ના રોજ ફરીયાદી સાથે ગાડીઓ ગઢડા મેઈન બજારમાં સામસામે થઈ જતા સામાન્ય બોલાચાલી થયેલી હોય તેની દાઝ રાખી ફરીયાદીને ફોનમાં જેમ ફાવે તેમ ગાળો આપી,બાદ ફરીયાદીના ઘર પાસે મો.સા.લઈ જઈ પાઈપ લઈ આવી ફરીયાદીને માથાના ભાગે પાઈપનો ઘા મારી માથાના ભાગે પાંચ–છ ટાકા લાવી ઈજા કરી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. ડી.એમ.સાહેબ શ્રી

બોટાદના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કોડની કલમ–૩૨૪,૫૦૪,૫૦૬(૨), ૫૦૭,તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ હોવાનો આરોપ છે અને સદર ગુન્હા સબબ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ બજતાં તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થતાં સી.આર.પી.સી કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ છે અને આંક–૦૪ થી આરોપી વિરૂઘ્ધ શિક્ષાપાત્ર ગુના અંગે તહોમતનામું ફરમાવી,વાંચી,સમજાવી આંક–૦૫ થી આરોપી નું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેમના વિરૂઘ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે,આથી બાકીની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂઘ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનું.નં..** | **મૌખિક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | ફરીયાદી જાફરભાઈ ઉર્ફે ભુરો રજાકભાઈ સુરાની જુબાની. | ૦૮ |
| (૨) | સાહેદ યુસુફભાઈ રજાકભાઈ સુરા ની જુબાની. | ૧૨ |
| (૩) | સાહેદ મદિનાબેન રજામભાઈ સુરા ની જુબાની. | ૧૩ |
| (૪) | પંચસાહેદ રાજેશભાઈ જીણાભાઈ ચાવડાની જુબાની. | ૧૫ |
| (૫) | પંચસાહેદ ભગીરથભાઈ દાદભાઈ ખાચરની જુબાની. | ૧૭ |
| (૬) | સાહેદ જગદિશભાઈ નાનજીભાઈ સાટીયાની જુબાની. | ૧૮ |
| (૭) | પંચસાહેદ તોસીફભાઈ મહેબુબભાઈ વાળાની જુબાની. | ૨૧ |
| (૮) | સાહેદ ડો.નિરવકુમાર ડી.ગોડલીયાની જુબાની. | ૨૭ |
| (૯) | સાહેદ ડો.મીલનકુમાર દીનેશભાઈ કંટેસરીયાની જુબાની. | ૩૨ |
| (૧૦) | ત.ક.અમલદાર કાજલબેન બાલભાઈ ખેરની જુબાની. | ૩૯ |
| (૧૧) | સાહેદ કુલદીપસીહ ગુમાનસીહ ઝાલાની જુબાની . | ૪૩ |
| (૧૨) | પંચસાહેદ ગભરૂભાઈ માણાભાઈ ગીડાની જુબાની. | ૫૦ |

| **અનું.નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | ફરીયાદ. | ૦૯ |
| (૨) | ગુનાવાળી જગ્યાનુ પંચનામું. | ૧૬ |
| (૩) | એફ.આઈ.આર. | ૪૦ |
| (૪) | અટક પંચનામું. | ૨૨ |

| | | |
|---|---|---|
| (૫) | ઈન્ડોર કેસ પેપર્સ. | ૨૮ |
| (૬) | સારવાર સર્ટીફીકેટ. | ૨૯,૩૩ |
| (૭) | પોલીસ યાદી. | ૩૦ |
| (૮) | હથીયારબંધીનું જાહેરનામું. | ૪૪ |

(૪) આમ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા સી.આર.પી.સી કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે,જેમાં આરોપી દવારા જણાવેલ છે કે,આ કામના ફરીયાદી દવારા હાલનો ખોટો કેસ કરેલ છે તેમજ કોઈ ગુન્હો કરેલ ના હોય તેઓને નિદોર્ષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) આ કામ છેલ્લે એપીપીશ્રીની મૌખીક દલીલ સાંભળેલ છે,આ કામના ફરીયાદી દવારા તેઓને આ કામના આરોપી દવારા માર મારેલા હોવાનો ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે જો કે ફરીયાદી દવારા તેઓની ઉલટતપાસમાં ફરીયાદ તેઓની સાથેના લોકોએ લખાવેલ હોવાનું સ્વીકારેલ છે પરંતું આવા સ્વીકારથી ફરીયાદ ખોટી કે ફરીયાદી દવારા નહી લખાવેલ હોવાનું માની શકાય નહી કારણ કે,આ ફરીયાદ તેઓને બતાવ્યા વગર આ પ્રશ્ન પુછવામાં આવેલ છે,વધુમાં ડોકટરની હીસ્ટ્રી પણ સાથેના આવેલ લોકો દવારા લખાવેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે પરંતું તેનાથી ફરીયાદીને આ કામના આરોપી દવારા માર નહી મારેલાનું માની શકાય નહી કારણ કે,ફરીયાદી દવારા તેઓને આ કામના આરોપી સીવાય બીજા આરોપીઓ દવારા માર મારેલાનું જણાવેલ નથી.આ કામના બીજા સાહેદો ફરીગયેલ સોહદો જાહેર થયેલ છે પરંતું સામાન્ય રીતે આવા મારમારીના કેસમાં સ્વતંત્ર વ્યકતીઓ આવા કેસોમાં ગામમા જ રહેતા જુબાની આપવાનું ટાળતા હોય છે જેથી આવા હોસ્ટાઈલ સાહેદની જુબાનીમાં પુરાવો નહી આવવાથી ફરીયાદીનો પુરાવો નહી માનવાનું કારણ ઉપસ્થીત થઈ શકે નહી,આ કાાના બીજા સાહેદો દવારા પણ બનાવની હકીકત તથા ફરીયાદી ને થયેલ ઈજાઓ બાબતે સમર્થનકારી પુરાવો આપેલ છે તેમજ તેઓ ની ઈજા લગત પણ સારવાર કરનાર ડોકટર દવારા સમર્થનકારી મૌખીક પુરાવો તથા ઈજાનું પ્રમાણ પ્રત્ર રજુ કરેલ છે તેમજ આરોપી તરફે કોઈ એવી વિરોધાભાસી હકકીતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે જેના આાધારે ફરીયાદી તથા સાહેદોની જુબાની શંકાસ્પદ માની શકાય.વધુમાં આરોપી સામેના ઈ.પી.કોડની કલમ–૫૦૭ મુજબના આવશ્યક તત્વો પણ પુરવાર થાય છે તેમજ ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં બનાવના સમય,સ્થળ,આરોપીઓની હાજરી,હથીયારો,ઈજા અંગે સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોફ જેથી આ તમામ કારણોસર ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરી શકેલ હોય આરોપીઓને મહતમ સજા કરવા અરજ કરેલ છે અને તેઓની દલીલના સમર્થનમાં

(1)SEEMAN VS. STATE 2005(11)SSC.142 (2) STATE OF GUJARAT VS.BHARWAD JAKSHIBHAI NAGRIBHAI AND.(GUJ.) 1989(2)GLR.263 (3)DALWADI GOVINDBHAI AMARSHIBHAI VS. STATE OF GUJARAT 2004(2)GLR.1285 ના ચુકાદાઓ ઉપર આધારે રાખેલ છે.

આ કામના આરોપીઓના વિ.વકીલશ્રી ની મૌખીક દલીલ સાંભળવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,આ કામના ફરીયાદી દવારા ફરીયાદ આપેલ નથી તેઓની સાથેના લોકોએ આપેલ છે,તેમજ ડોકટરને પણ હીસ્ટ્રી ફરીયાદીએ આપેલ નથી જેનો ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે,મુદામાલ ઓળખી બતાવેલ નથી,બનાવના કોઈ નજરે જોનાર સાહેદો નથી અને જે સાહેદોએ જુબાની આપેલ છે તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે,આ કામના બીજા સાહેદો દવારા આપેલ જુબાની તથા ફરીયાદીની ફરીયાદ તથા જુબાનીમાં પણ વિસં તતાઓ રેકર્ડ ઉપર આવેલ છે,આ કામના ત.ક.અમલદાર દવારા કોઈ સ્વંતંત્ર સોહદોના નિવેદન રજુ કરેલ નથી માત્ર ફરીયાદી ના નજીકના તથા સગાઓના નિવેદનો લીધેલ છે,તેમજ પંચસાહેદો ફરી ગયેલ છે તેઓએ પંચનામાની વિગત ને સમર્થનકારી પુરાવો આપેલ નથી,સારવાર કરનાર ડોકટર દવારા પણ અકસ્મતમાં પડી જાય તો થઈ શકે તેવી ઈજા હોવાનો સ્વીકાર કરેલ છે,આમ ફરીયાદી ને પડી જતા ઈજા થયેલ હોવા છતા તકરાર હોય હાલની ખોટી ફરીયાદ આપેલ છે અને ખોટો પુરાવો આપેલ છે જેના આધારે ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરી શકેલાનું માની શકાય તેમ ના હોય આરોપીને નિદોર્ષ છોડી મુકવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી એ તા.૦૩/૧૦/૨૨ ના રોજ ફરીયાદી સાથે ગાડીઓ ગઢડા મેઈન બજાર માં સામસામે થઈ જતા સામાન્ય બોલાચાલી થયેલી હોય તેની દાઝ રાખી ફરીયાદીને ફોનમાં જેમ ફાવે તેમ ગાળો આપી,ફરીયાદીના ઘર પાસે મો.સા.લઈ જઈ પાઈપ લઈ આવી ફરીયાદીને માથાના ભાગે પાઈપનો ઘા મારી માથાના ભાગે પાંચ-છ ટાકા લાવી ઈજા કરી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. ડી.એમ.સાહેબ શ્રી બોટાદના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કોડની કલમ-૩૨૪,૫૦૪,૫૦૬(૨),૫૦૭,તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્રગુનાઓ કરેલ છે. ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ ય ::–**

(૧) અંશત:હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્રા અંગેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો:**

(૯) મુદ્દા નંબર ૧ ::–

આ કામે ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવા આ કામના મહત્વ ના સાહેદ અને ઈજા પામનાર એવા ફરીયાદી જાફરભાઈ ઉર્ફે ભુરો રજાકભાઈ સુરાને આંક–૦૯ થી તપાસવામાં આવેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,બનાવ તા.૦૩/૧૦/૨૨ ના રોજ બનેલો, બનાવના દિવસે હું સીધી ચોક ખાતે મારા ઘરની બહાર હું હાજર હતો ત્યારે આરોપીનો મારા ફોન ઉપર કોલ આવેલો અને કહેલ કે,ગાડી વારંવાર કેમ માથે નાખે છે તેમ કહીને ગાળો બોલવા લાગેલ અને ધમકી આપેલ કે,તું જયા રૂબરૂ મળે ત્યાં તને મારવાનો છે તેમ કહેતા મે ફોન કટ કરી નાખેલ હતો,આ બનાવ પછી અડધા કલાક બાદ આશરે સાડ સાતથી અઠ વાગ્યે હું મારા ઘરની બહાર બેઠો હતો ત્યારે આ ઈન્દ્રજીતભાઈ પોતાની મો.સા લઈને પાઈપ સાથે આવેલ અને સીધા આવીને લોખંડ નો પાઈપ મને માથામાં મારી દિધેલો,મે રાડો પાડતા મારો ભાઈ યુસુફભાઈ ઘરની બહાર આવેલો અને અમારી શેરીના બીજા ઘણાબધા માણસો આવી ગયેલા અને આરોપી ત્યાથી જતો રહેલ અને જતા જતા ધમકી આપેલ કે,હવે કેસ કે બીજું કાંઈ કરીશ તો તને જાનથી મારી નાખીશ,આ બનાવમાં ઈજા થત મને ગઢડા સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાથી વઘું સારવાર માટે બોટાદ સબીહા હોસ્પીટલ ખાતે લઈ ગયેલા,ડોકટરે મારી સારવાર કરેલી અને માથામાં ૭ ટાંકા લીધેલા ત્યાં પોલીસ આવતા મે આરોપીએ જે ફોન ઉપરથી ધમકી આપેલ તે ફોન નંબર પોલીસને આપેલ તે નંબર હાલ યાદ નથી,આરોપીને ઓળખું છું કોર્ટમાં હાજર છે.

આ કામના ફરીયાદીની આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ દવારા જણાવામાં આવેલ છે કે,હું ગઢડા બોટાદ રોડે જનતા ગેરજ નામની દુકાને કામ કરું છું આ જનાત ગેરેજના માલીકનું નામ અર્ષ ઈલ્યાસભાઈ છે,બનાવ ની ફરીયાદ તા.૦૪/૧૦/૨૨ ના રોજ સવારે નવ થી દસના ગાળામાં સબીહા હોસ્પીટલમાં પોલીસ વાળા આવેલા

તેને આપેલી,ત્યારે મારી સાથે યુસુફભાઈ રજાકભાઈ હાજર હતા.મારા ભાઈ ત્યા હાજર હોય બનાવની ફરીયાદ મારા ભાઈએ પોલીસ ને લખાવેલી,મારા મકાનની આજુબાજુમાં રહેણાંકી મકાનો તથા જાહેર રસ્તો આવેલ છે,બનાવ બન્યા બાદ રેફરેલ હોસ્પીટલ ગઢડા ખાતે રાત્રીના આઠે લઈ ગયેલા અને ત્યા અડધી કલાક સારવાર આપેલી,અમે સબીહા હોસ્પીટલ બોટાદ ખાતે રાત્રીના નવથી સાડા નવ વાગે પહોચી ગયેલા,પોલીસે મારું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી.હું હાલમાં ગેરેજમાં કામે જાવ છું .બનાવ બનીયા બાદ આરોપીએ મારી સામે ૩–૪ મહીના પછી ફરીયાદ કરેલી.

(૧૦)આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ યુસુફભાઈ રજાકભાઈ સુરાને આંક–૧૨ થી તપાસેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,બનાવ તા.૦૩/૧૦/૨૨ ના રોજ બનેલો,બનાવના દિવસે હું ઘરની અંદર બેઠો હતો અને મારો ભાઈ જાફર ઘરની બહાર ઓટલા ઉપર બેઠો હતો અને બુમાબુમ થતા હું તથા મારા મમ્મી મદીનાબેન ઘરની બહાર દોડી આવેલા તો મારા ભાઈ જાફરના માથામાં ભાગે પાઈપ ઈન્દ્રજીતભાઈ રાજુભાઈ ધાંધલે મારેલો હતો અને તે ત્યાથી પોતાનું બાઈક છોડી નાસી ગયેલો,મારા ભાઈને માથામાં વાગેલું હોય તેને સારવારમાં ગઢડા અને ત્યાથી સારવારની ના પાડતા સબીહા હોસ્પીટલ બોટાદ ખાતે લઈ ગયેલા હતા,આ બનાવ કેવી રીતે બનેલ તે અંગે પુછતા મારા ભાઈએ જણાવેલ કે,આજ રોજ બપોરની આસપાસ મારુ બાઈક આ ઈન્દ્રજીતભાઈની મો.સા. સાથે ભટકાતા તે મને ગાળો બોલવા લાગેલ અને મારી નાખવાની ધમકી આપેલ તેમ જણાવેલ.મારા ભાઈને માથામાં ઈજા થતા ૬ ટાંકા આવેલ,આરોપીને હું ઓળખું છું.

આ સાહેદની આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ દવારા જણાવામાં આવેલ છે કે,એ વાત ખરી છે કે,બનાવ બન્યો ત્યારે હું ઘરમાં હતો,બનાવ મે નજરે જોયેલ નથી અને બનાવની માહીતી મારા ભાઈએ આપેલ છે.હું જયારે સબીહા હોસ્પીટલમાં હતો ત્યારે પોલીસ પુછપરછ કરવા આવેલી ત્યારે પોલીસને મે ફરીયાદ આપેલી,પોલીસે ફરીયાદ વંચાવેલી નહી.

(૧૧)આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ મદીનાબેન રજાકભાઈ સુરાને આંક–૧૩ થી તપાસેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,બનાવ આશરે ૧૦–૧૧ મહીના પહેલા બનેલો,આ બનાવ પહેલા ૧૫ દિવસ પહેલા મારા દિકરા જાફરની બાઈક ઈન્દ્રજીતભાઈ સાથે અથડાયેલી જે તે વખતે તેમને ગાળા ગાળી થયેલી,બાદ બનાવા દિવસે હું સાંજના પોણા આઠની આજુબાજું હું તથા મારો દિકરો યુસુફભાઈ તથા તેની પત્ની ઘરે હાજર હતા તે વખતે બહાર શેરીમાં દેકારો થતા બહાર નીકળી જોયેલ તો મારા દિકરા જાફરને માથામાં પાઈપ મારેલો હતો આ પાઈપ ઈન્દ્રજીતભાઈએ મારેલો તે મારા દિકરો પાઈપ મારી ભાગી ગયેલો,મારા દિકરા જાફરને વાગેલ હોય તેને સારવારમાં ગઢડા સરકારી

દવાખાને અને ત્યાથી સારવારની ના પાડતા સબીહા હોસ્પીટલ બોટાદ ખાતે લઈ ગયેલા જયા તેની સારવાર હાજર ડોકટરે કરેલી.

આ સાહેદની આરોપીના વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ દવારા જણાવામાં આવેલ છે કે,એ વાત ખરી છે કે,બનાવ બન્યો ત્યારે હું ઘરમાં હતી,બનાવ મે નજરે જોયેલ નથી બનાવ બની ગયા બાદ હું બહાર નીકળેલી ત્યારે મે કોઈને મારા દિકરા ને મારતા જોયેલ નથી,પોલીસ પુછપરછ કરવા આવેલી નથી,મારા દિકરાને આરોપી સાથે બાઈક ભટકાયેલ હોય તેવો બનાવ બનેલ હોય તેની મને માહીતી નથી.

(૧૨)આ કામે ફરીયાદપક્ષે બનાવવાળી જગ્યાના પંચસાહેદ રાજેશભાઈ જીણાભાઈ ચાવડાને આંક–૧૫ થી તથા પંચસાહેદ ભગીરથભાઈ દાદભાઈ ખાચરને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે તેમજ ફરીયાદપક્ષ તરફે આરોપીના અટક પંચનામાના પંચસાહેદ તોસીફભાઈ મહેબુબભાઈ વાળાને આંક –૨૨ થી તથા પંચસાહેદ ગભરૂભાઈ માણાભાઈ ગીડાને આંક–૫૦ થી તપાસેલા છે,આ તમામ પંચસાહેદો દવારા બનાવવાળી જગ્યાના તથા આરોપીના અટક પંચનામાની વિગતને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી તેઓ દવારા તેઓની હાજરીમાં પોલીસે બનાવવાળી જગ્યાનું પચંનામું કરેલ હોવાનો કે આરોપીને અટક કરેલ હોવાનો કે આરોપી પાસેથી મુદામાલ હથીયાર કબજે કરેલ હોવાનો કોઈ પુરાવો આપેલ નથી અને પોલીસે તેઓની પાસેથી તૈયાર કાગળમાં સહી કરાવેલ હોવાની હકીકત જણાવેલ છે જેથી આ સાહેદો દવારા ફરીયાદપક્ષના કેસને તથા પંચનામાની હકીકત ને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૧૩)આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ જગદીશભાઈ નાનજીભાઈ સાટીયાને આંક–૧૮ થી તપાસેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,હું જાફર ભાઈ ને ઓળખું તેઓ મારા મીત્ર થાય છે,આરોપી ગામમાં રહેતા હોય તે રીતે તેઓને ઓળખું છું.મારા મીત્ર જાફરભાઈને કોઈની સાથે ઝઘડો કે તકરાર કે બોલાચાલી થયેલી હોય તની મને ખબર નથી,મારા મીત્ર જાફરભાઈને કોઈ અજાણી વ્યકતી એ માથામાં પાઈપ કે સળીયો મારેલ તેથી તેને ઈજા થતા સરકારી દવાખાને ગઢડા દાખલ કરેલો જેથી બનાવની જાણ થતા હું સરકારી દવાખાને ગઢડા તેની ખબર પુછવા ગયેલો.આ સીવાય મને બનાવની કોઈ હકીકતની ખબર નથી.

આ સાહેદની આરોપીના વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ દવારા જણાવામાં આવેલ છે કે,એ વાત ખરી છે કે,બનાવ મે નજેર જોયેલ નથી.પોલીસે મારું કોઈ નિવેદન લીધેલ નથી.આ કામના આરોપી ઈન્દ્રજીતને હું ઓળખતો નથી.

(૧૪)આ કામે ફરિયાદપક્ષ તરફે ફરીયાદીની સારવાર કરનાર ડો.નિરવકુમાર ડી.ગોડલીયાને આંક–૨૭ થી તપાસેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,હું તા.૩/૧૦/૨૦૨૨ ના રોજ અમે સી.એચ.સી ગઢડા ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે દર્દી જાફરભાઈ રજાક ભાઈ સુરા,રહે.ગઢડા,ઉ.વ.૨૫ ના સાંજના કલાક ૮:૧૫ વાગે પોલીસ યાદી વગર અમારી હોસ્પીટલ મા સારવાર માટે આવેલા તેને ઈજા વીશે પુછતા તેઓએ જણાવેલ કે, તા.૩/૧૦/૨૨ ના સાંજના કલાક ૭:૩૦ વાગે અમારા ઘરની બહાર ઈન્દ્રજીતભાઈ રાજુભાઈ ધાધલ અને બીજા બે જણાએ લોખં ડના પાઈપ વડે માથાના ભાગે ઈજા કરેલ છે. દર્દીનુ બી.પી તથા ધબકારા નોર્મલ હતા દર્દ સભાન હાલતમા હતા જે દર્દી ને તપાસતા નીચે મુજબ ની ઈજા માલુમ પડેલ.ઈજા નં. ૧ માથાના ભાગે લોહી ના ગઠા વાળો ચીરો પડેલ હતો જેનુ માપ ૭×૦.૫ ×૦.૫ સે.મી હતી.આ દર્દી ને બીજી અન્ય કોઈ ઈજા માલુમ પડેલી નહી દર્દી ને થયેલ ઈજા સખત અને બોથઠ પદાર્થ વડે થઈ શકે તેવ હતી અને દર્દી ને જો કોઈ આડ અસર ના થાય તો તેની ઈજા આઠ થી દસ દીવસમા સાજી થઈ શકે તેવી હતી અમે દર્દી ને હાઈયર સેન્ટર માટે સીટી સ્કેન તથા અનય જરુરી સારવાર માટે રીફર કરેલા.દર્દી એ જે પોતાના સારવાર દરમ્યાન જે હીસ્ટ્રીમ પાઈપ જણાવેલી તેવા હથીયાર થી દર્દી ને થયેલ ઈજા સં ભવી શકે.

આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે,આ કામના ફરીયાદી પોલીસ યાદી વગર આવેલા.કોઈ પણ ટુ વ્હીલર વાહન ફુલ સ્પીડમા જતુ હોય અને ગાડી સ્લીપ થઈ જતા પડી જતા આવી ઈજા થઈ શકે.

(૧૫)આ કામે ફરિયાદપક્ષ તરફે ફરીયાદીની વધું સારવાર કરનાર બોટાદના ડો.મીલનકુમાર દીનેશભાઈ કંટેસરીયા ને આંક–૨૭ થી તપાસેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,હું તા.૦૩/૧૦/૨૦૨૨ ના રોજ સબીહા સાર્વજનીક હોસ્પીટલ ખાતે ઓર્થોપેડી સર્જન તરીકે મારી ફરજ પર હાજર હતો તયારે દર્દી નામે જાફરભાઈ રજાકભાઈ સુરા ઉ.વ.૨૫ રહે. ગઢડા વાળા અમારી હોસ્પીટલમા પોલીસ યાદી વગર અમારી હોસ્પીટલમા સારવાર માટે આવેલા. દર્દી ને ઈજા ની હીસ્ટ્રી વીશે પુછતા તેઓએ જણાવેલ કે, ગઢડા ખાતે સાંજના સાડા સાત વાગે સામાવાવાળી વ્યકતીઓ ધ્વારા માર મારવામા આવેલ દર્દી ને પ્રાથમીક સારવા સી એચ સી ગઢડા ખાતે લીધેલી હતી.દર્દી ને સારવાર માટે યુસુફભાઈ લઈ ને આવેલા .દર્દીને તપાસતા ને નીચે મુજબની ઈજા જણાયેલી,ઈજા નં.૧ દર્દી ને ખોપરી (પરાઈટલ એરીયા) ની ચામડીમા ૫ સેમી નો ચોખ્ખો કપાયેલો ઘા હતો,દર્દી ને કોઈ ફ્રેકચર જણાઈ આવેલ નહી. દર્દી ને થયેલ ઈજા તીક્ષ્ણ સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી. દર્દી ને ઘા

ની સાફ સફાઈ કરી ટાંકા લીધેલા.દર્દીને અમારી હોસ્પીટલમા તા.૪/૧૦/૨૨ ના રોજ ડીસ્ચાર્જ કરવામા આવેલા.

આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે જો કોઈ એકસીડેન્ટ થાય તો આવા પ્રકારની ઈજા થઈ શકે. દર્દી અમારી પાસે પોલીસ યાદી વગર આવેલા.દર્દી અમારી પાસે આવેલ ત્યાર તેઓએ પોલીસ ફરીયાદ કરેલી કે કેમ તેની મને માહીતી ન હતી..

(૧૬)આ કામે ફરિયાદપક્ષ તરફે હથીયારબંધીનું જાહેરનામું પુરવાર કરવા માટે સાહેદ કુલદીપસીંહ ગુમાનસીંહ જાલાને આંક-૪૯ થી તપાસેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે, હુ હાલ મામલતદાર કચેરી ગઢડા ખાતે કલાર્ક સર્વિસ કરું છું.જીલ્લા મેજી.કચેરી,બોટાદના,પત્ર નંબર ડીએમ/ વશી/૪૦૬૨/૨૨ ના રોજ હથીયાર બંધીનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવેલુ તેમા અધિક જી.મેજી.સાહેબ મુકેશ પરમાર બોટાદનાએ બહાર પાડેલુ છે તેમા તેમની સહી છે. આજરોજ હુ બોટાદ, જી.મેજી.કચેરી તરફથી જી.મેજી.કચેરીના પત્રની આજ્ઞા મુજબ જુબાની દેવા આવેલ છું અને જાહેરનામાની ખરી નકલ મારી સાથે લાવેલ છું જે જાહેરનામુ. તા.૯/૯/૨૦૨૨ થી તા. ૮/૧ ૦/૨૦૨૨ સુધી (બન્ને દિવસો સાથે) અસ્તિત્વમા હતુ જેની પ્રસિધ્ધી માટે તમામ સબધિત કચેરી તરફ મોકલાવતા અહી ગઢડા મામલતદાર કચેરીમા પણ આવેલ.એ સિવાય હુ આ કેસમા બીજુ કાઈ જાણતો નથી.

આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, તે વાત ખરી છે કે જાહેરનામાની પ્રસીધ્ધી અંગે મને કોઈ અંગત માહીતી નથી. એ વાત ખરી છે કે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવેલ હોય કે તેનો કોઈ અહેવાલ બોટાદ કચેરીને મોકલવામા આવેલ હોય અને પુરાવામા રજુ કરવા માટે મને બોટાદ કચેરીએ આપેલ હોય તેવુ બનેલ નથી કે હું મારી સાથે લાવેલ નથી. એ વાત ખરી છે કે મે અંગત રીતે દાંડી પીટી કે નગારા વગાડી સદર જાહેરનામાની બજવણી કરેલ નથી.

(૧૭)આ કામે ફરિયાદપક્ષ તરફે આ કામના તપાસ કરનાર અમલદાર પી.એસ.આઈ. કાજલબેન બાલાભાઈ ખેરને આંક-૨૩ થી તપાસેલ છે તેઓએ પુરાવો આપેલ છે કે,હું તા. ૦૪ /૧૦/૨૨ ના રોજ ગઢડા ખાતે એ.એસ.આઇ.તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી જાફરભાઈ રજાકભાઈ સુરા નાઓ આ કામના આરોપી વીરુધ ૩૨૪ વી. મુજબની ફરીયાદ આપેલી જે ફરીયાદના અધારે ગઢડા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૪૨૫ /૨૨ થી ઈ.પી.કો કલમ ૩૨૪ વી મુજબ નો ગુનો રજીસ્ટર થયેલો,સદરહુ કામની આગળ ની તપાસ અમોને સોપી આપતા અમોએ તપાસ સંભાળી સૌપ્રથમ

બનાવ વાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તેમજ ચાર્જશીટ મા જણાવેલ સાહેદ નં. ૦૬ થી ૦૮ ના નીવેદન ફરીયાદપક્ષના કેસ ને સમર્થન આપતા હોય તેમના લખાવ્યા મુજબ નીવેદન લખી લીધેલા અમોએ આ કામના આરોપી પોલીસ સ્ટેશને હાજર થતા હોય તેમની અટક કરી અટક પંચનામુ કરેલુ સદરહુ કામે ઈજા પામનારનું સારવારનું સર્ટીફીકટ મેળવેલ તેમજ આરોપી દવારા હથીયારબંધી ના જાહેરનામાનો ભંગ કરેલ હોય સદર જાહેરનામું તપાસના કામે મેળવેલ બાદ આરોપી સામે પુરતો પુરાવો હોય નામ. કોર્ટ મા ચાર્જશીટ કરેલુ.આરોપીને જોયેથી ઓળખુ છું.

આ કામના ત.ક.અમલદારની આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ દવારા જણાવામાં આવેલ છે કે,એ વાત ખરી છે,આ કામે તપાસ સોપવાનો હુકમ રજુ કરેલ નથી.ફરીયાદમાં ફોન નંબર જણાવેલ નથી,બનાવવાળી જગ્યાની આજુબાજુમાં રહેણાંકના મકાનો આવેલ છે,આ કામે કોઈ ત્રાહીત વ્યકતીઓના નિવેદનો લીધેલ નથી,ફરીયાદમાં મો.સાનો નંબર જણાવેલ નથી.

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકનઃ**

(૧૮)આમ ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ વંચાણે લેતા આ કામના આરોપીઓ દવારા ફરીયાદી સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોય તેની દાઝ રાખીને ફરીયાદીને ફોન ઉપર ગાળો આપી તેઓના ઘર પાસે જઈ ફરીયાદીને માથામાં પાઈપોનો ઘા મારી ઈજા કરેલ હોવાની હકીકત જણાવેલ છે, હવે ફરીયાદ અનુંસંધાને આ કામના ફરીયાદી દવારા કોર્ટમાં આપેલ જુબાનીમાં આપેલ પુરાવો જોતા તેમાં બનાવ તા.૦૩/૧૦/૨૨ ના રોજ બનેલો,બનાવના દિવસે ફરીયાદી તેઓના ઘરની બહાર હતા ત્યારે આરોપીનો ફોન ઉપર કોલ આવેલો અને કહેલ કે,ગાડી વારંવાર કેમ માથે નાખે છે તેમ કહીને ગાળો બોલવા લાગેલ અને ધમકી આપેલ કે,તું જયા રૂબરૂ મળે ત્યાં તને મારવાનો છે તેમ કહેતાફરીયાદીએ ફોન કટ કરી નાખેલ હતો,આ બનાવ પછી અડધા કલાક બાદ આશરે સાડ સાતથી અઠ વાગ્યે ફરીયાદી તેઓના ઘરની બહાર બેઠા હતા ત્યારે આ કામના આરોપી ઈન્દ્રજીતભાઈ પોતાની મો.સા લઈને પાઈપ સાથે આવેલ અને સીધા આવીને લોખંડ નો પાઈપ ફરીયાદીને માથામાં મારી દિધેલો,જેથી ફરીયાદીએ રાડો પાડતા તેમનો ભાઈ યુસુફભાઈ ઘરની બહાર આવેલો બીજા ઘણાબધા માણસો આવી ગયેલા અને આરોપી ત્યાથી જતો રહેલ અને જતા જતા ધમકી આપેલ કે,હવે કેસ કે બીજું કાંઈ કરીશ તો તને જાનથી મારી નાખીશ તેમ પુરાવો આપેલ છે,વધુમાં આ કામ. ફરીયાદપક્ષ તરફે ફરીયાદીના ભાઈ બહાર આવેલ હતા જેઓ દવારા બનાવની હકીકત ને તથા ફરીયાદીની હકીકતને સમર્થનકારી પુરાવો સરતપાસમાં આપેલ છે પરંતું તેઓ દવારા તેઓની ઉલટ

તપાસમાં બનાવ તેઓએ નજરે જોયેલ ના હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે જેથી આ સાહેદ નો પુરાવો બનાવ નજરે જોવા અંગે ધ્યાને લઈ શકાય નહી તેમ છતા આ સાહેદ દવારા ફરીયાદીને પ્રથમ ગઢડા બાદમાં વધું સારવારમાં સબિહા હોસ્પીટલ બોટાદ ખાતે લઈ ગયેલ હતા અને તેઓ દવારા ફરીયાદીને થયેલ ઈજા જોયેલ હતી જેથી ફરીયાદીને થયેલ ઈજાના સંબધે તેઓનો પુરાવો ગ્રાહય રાખી શકાય તેમ છે,વધુંમાં બનાવમાં ફરીયાદીના માતા પણ બહાર આવેલ હતા તે વખતે આરોપી બનાવ વાળી જગ્યાએથી જતા રહેલ હતા તેઓને ફરીયાદપક્ષ તરફે તપાસેલ છે તેઓ દવારા પણ બનાવમાં ફરીયાદીના જણાવ્યા મુજબનો બનાવ બનેલાનો તથા ફરીયાદીને માથાના ભાગે ઈજા થયેલ હોવાનો પુરાવો આપેલ છે જો કે આ સાહેદ દવારા પણ ઉલટતપાસમાં બનાવ નજરે ના જોયેલ હોવાનો સ્વીકાર કરેલ છે જેથી આ સોહદનો પુરાવો પણ રે જોવા અંગે નહી પરંતું ફરીયાદીને માથામાં થયેલ ઈજા અંગે ધ્યાને લઈ શકાય તેમ છે,વધુમાં ફરીયાદીના મીત્ર જગદીશભાઈને તપાસવામાં આવેલ છે તેઓ દવારા પણ બનાવ નજરે જોયેલ નથી પરંતું તેઓને બનાવની જાણ થતા ફરીયાદીની ખબર કાઢવા માટે ગઢડા સરકારી દવાખાને ગયેલ હતા જેથી તેઓનો પુરાવો પણ માત્ર ફરીયાદી ને થયેલ ઈજા અંગે જ ધ્યાને લઈ શકાય તેમ છે,આમ આ તમામ સાહેદોનો પુરાવો જોતા આ બનાવમાં આ કામના આરોપી દવારા આ કામના ફરીયાદીને માથામાં લોખંડનો પાઈપ મારેલ અને તેમાં ફરીયાદીને માથાના ભાગે ઈજા થયેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે.

(૧૯)ઉપરોકત ફરીયાદી તથા સાહેદોના ઈજા અંગેના પુરાવા અનુસંધાને આ કામે ફરીયાદીની ગઢડા ખાતે પ્રથમ સારવાર ડોકટર ડો.નિરવકુમાર ગોડલીયા દવારા આપવામાં આવેલ પુરાવો જોતા તેઓ તા.૦૩/૧૦/૨૨ ના રોજ જાફરભાઈ રજાકભાઈને સારવામાં લાવેલા જેઓને ઈન્દ્રજીતભાઈ એ સાં જના ૭:૦૦ વાગે ફરીયાદીના ઘરની બહાર માથામાં લોખંડના પાઈપથી માર મારેલ હોવાની હીસ્ટ્રી જણાવેલ અને તેઓને તપાસતા માથાના ભાગે લોહીના ગઠાવાળાો ચીરો પડેલ હતો,આ ઈજા સખત બોથળ પદાર્થ વડે થઈ શકે તેવી અને ઈજા પામનારે જણાવેલ પાઈપ જેવા હથીયારથી થઈ શકે તેવી હોવાનો અને ફરીયાદીને વધું સારવાર માટે રીફર કરેલ હોવાનો પુરાવો આપેલ છે,વધુંમાં આ કામે ઈજા પામનારને વધું સારવાર માટે ગઢડા સબિહાર હોસપીટલમાં લઈ જવામાં આવેલ હતા અને ત્યાં તેઓની સારવાર કરનાર ડો.મીલનકુમાર કંટેસરીયા દવારા પણ ઈજા પામનાર જાફરભાઈને માથાના ભાગે ચામડીમાં કપાયેલો ઘા હોવાનો ઈજા અંગે સમર્થનકારી પુરાવો આપેલ છે,આમ ફરીયાદી દવારા જણાવામાં આવેલ જગ્યાએ તેઓને થયેલ ઈજા બાબતે તેઓની સારવાર કરનાર ડોકટરની જુબાનીમાં પણ સમર્થન મળે છે,આ કામે આરોપી તરફે દલીલ કરવામાં આવેલ છે કે,ડોકટરને આપવામાં આવેલ હીસ્ટ્રીમાં આ કામના આરોપી સીવાયના બે જણાએ માર મારેલ હોવાનું જણાવેલ છે,તેમજ

ડોકટર દવારા ફરીયાદીને થયેલ ઈજાઓ ગાડી પરથી પડી જાય તો થઈ શકે તેવી હોવાનો સ્વીકાર કરેલ છે,તેવા સંજોગોમાં આ કામના આરોપી દવારા ફરીયાદીને લોખંડના પાઈપથી ઈજા કરેલ હોવાની હકીકત શંકાસ્પદ બનાવે છે,આ દલીલ બાબતે પુરાવો જોતા ડોકટર ને કોણે કઈ જગ્યા એ કયાં હથીયારથી માર મારેલ તે નહી જણાવાની એકમાત્ર હકકીતને આધારે ઈજા પામનાર તેઓની પાસે સારવારમાં નહી આવેલાનું કે ફરીયાદીને તેઓના પ્રમાણપત્રમાં જણાવેલ ઈજા નહી થયેલાનું માની શકાય નહી કારણ કે,આવી હકીકતો સામાન્ય સંજોગોમાં ડોકટર દવારા પુછવામાં આવતા પ્ર શ્નોના જવાબમાં જણાવામાં આવે છે અને આવી હકીકત જણાવેલ હોવા છતા ડોકટર દવારા લખવામાં આવેલ છે કે કેમ તે ઈજા પામનાર ની જાણમાં હોઈ શકે નહી અને ઈજા પામનારને આ હકીકત મહત્વની હોય તેઓએ લખાવવી જોઈએ નહી તો તેઓના કેસને અસર થઈ શકે તેમ જાણમાં હોવાનું પણ વધું પડતુ ગણાય અને જો ડોકટર દવારા કયા આરોપીએ કયા હથીયારથી માર મારેલ તે પુછવામાં કે પ્રમાણપત્રમાં લખવામાં ના આવે કે ઈજા પામનાર દવારા આવી કોઈ હકીકત જણાવામાં ના આવે અથવા તો ઈજા પામનાર દવારા લખવામાં આવે પણ ડોકટર દવારા લખવામાં ના આવે કે ખોટી લખવામાં આવે તો આ એકમાત્ર હકીકત ને આધારે ફરીયાદી,ઈજા પામનારની જુબાની શંકાસ્પદ માનવાનું કારણ ગણી શકાય નહી.આ બાબતમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ના **૨૦૦૯(૧)જી.એલ.આર. ૩૭૫ હસમુખ નાનજી રબારી વિ.સ્ટેટ** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,ડોકટર ને કયાં હુમલાખોરે ફરીયાદી/સાહેદને ઈજા પહોંચાડેલ છે તેવી હકીકત જણાવેલ ન હોય તો એટલા માત્ર કારણસર ફરીયાદીની જુબાનીને ફગાવી દેવાય નહીં કારણ કે ડોકટરશ્રીએ પોલીસની જેમ ખુબ ઝીણવટભરી પુછપરછ કરવાની નથી હોતી કે તે મુજબની નોંધ કરવાની હોતી નથી પરંતું તેમણે ઈજા પામનારની ઈજાઓ બાબતે જે પ્રાથમિક હકીકતો મેળવીને તેની નોંધ કરવાની હોય છે.આ બાબતથી ફરીયાદીના પુરાવા કે ફરીયાદપક્ષના કેસમાં મોટી અસર થઈ શકે તેમ નથી કારણ કે,ડોકટર સાહેદ હકીકતના સાહેદ હોતા નથી તેઓ માત્ર નિષ્ણાંત તરીકે અભિપ્રાય આપે છે તેઓ હકીકતનો કે બનાવનો પુરાવો આપતા નથી તેવા સંજોગોમાં જયારે ઈજા પામનાર તથા ડોકટરની જુબાનીમાં અસંગતતા જણાય તેવા સંજોગોમાં ઈજા પામનારની જુબાનીને વધારે મહત્વ આપવું જરૂરી છે,આ બાબતે કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે,જયારે નજરે જોનાર સાહેદ તથા તબીબી સાહેદની જુબાની વચ્ચે વિસંગતતા હોય ત્યારે સામાન્યપણે નજરે જોનાર સાહેદની જુબાની માનવાની રહે છે સિવાય કે નજરે જોનાર સાહેદની જુબાની તબીબી સાહેદની જુબાનીથી સંપુર્ણ રીતે માનવા લાયક જણાતી ન હોય.આ મુદા બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતે **ભજનસીંગ**

**વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા** જે એ.આઈ.આર. ૨૦૧૧ સુ.કો. પાન નં. ૨૫૫૨ ના ચૂકાદાના પેરા–૨૩ માં એમ ઠરાવેલ છે કે,

> "Thus, the position of law is such a case of contradiction between medical and ocular evidence can be crystallised to the effect that though the ocular testimony of witness has greater evidentiary value visa-vis medical evidence, when medical evidence makes the ocular testimony improbable, that becomes a relevant factor in the process of the evaluation of evidence. However, where the medical evidence goes so far that it completely rules out possibility of the ocular evidence being true, the ocular evidence may be disbelieved."

આમ ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદા સાથે હાલના કેસની હકીકતો જોતા આ કામના ફરીયાદી દવારા તેઓની ફરીયાદમાં આરોપી ઈન્દ્રજીતભાઈ દવારા લોખંડના પાઈપથી માથામાં મારીને ઈજા કરેલાનો પુરાવો આપેલ છે તેમજ ગઢડાના તથા સબીહા હોસ્પીટલના ડોકટરને પણ આરોપી દવારા માથાના ભાગે લોખંડનો પાઈપ આરોપી ઈન્દ્રજીતભાઈએ મારેલાનું જણાવેલ છે તેમજ આ લગત મૌખીક પુરાવો પણ ફરીયાદી તથા સારવાર કરનાર ડોકટર દવારા આપેલ છે તેમજ રજુ થયેલ ઈજાના પ્રમાણ પત્ર દવારા પણ ફરીયાદીની હકીકતને સમર્થન મળે છે અને આ કામના તપાસ કરનાર અમલદાર દવારા પણ ફરીયાદીના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે તેમજ ત.ક.અમલદાર દવારા આ ગુન્હાના કામે એક જ આરોપીને અટક કરવામાં આવેલ છે અને એક જ આરોપી સામે ચાર્જશીટ પણ કરવામાં આવેલ છે અને તેઓ દવારા આ કામે મુદામાલ લોખંડનો પાઈપ આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ છે અને આરોપી તરફે એવી કોઈ દલીલ નથી કે ડોકટરને કે ત.ક.અમલદારએ ફરીયાદી સાથે સારા સબંધ છે અથવા તો આરોપી સાથે ખરાબ સં બધ છે કે જેથી ડોકટરને આવું ખોટું પ્રમાણપત્ર આપવાનું કારણ હોઈ શકે કે,ત.ક.અમલદારને ખોટી ચાર્જશીટ કરવાનું કારણ હોઈ શકે તેમજ આ કામે ફરીયાદી મો.સા.ઉપરથી પડી ગયેલ હોવાનો કોઈ પુરાવો ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ નથી જે સંજોગોમાં ફરીયાદીની ઈજાને મેડીકલ પુરાવાથી પણ સમર્થન મળે છે જે સંજોગોમાં આરોપીઓ તરફેની ગઢડા ખાતેના ડોકટરની હીસ્ટ્રીમાં બીજા બે જણાએ મારેલ હોવાનું જણાવેલ હોવાથી અથવા તો આવી ઈજા મો.સા.પરથી પડી જવાથી થઈ શકે તેમ હોવાનો સ્વીકાર કરેલ હોય ફરીયાદીનો પુરાવો શંકાસ્પદ બનાવે છે તેવી આરોપી તરફેની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.

(૨૦)વધુમાં આ કામે આરોપી તરફે રજુઆત કરવામાં આવેલી છે કે,આ કામે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવા છતા આવી જગ્યાએ સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતા સ્થળે હાજર એવા કોઈ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી જે સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓ દવારા સમર્થનકારી જુબાની આપેલ નથી તેમજ આ કામના પંચસાહેદો ફરી ગયેલ સાહેદો જાહરે થયેલ છે અને જે સાહેદો ને તપાસવામાં આવેલ છે તેઓ ફરીયાદીના સગાઓ છે જેથી તેઓ હીત ધરાવનાર સાહેદ ગણાય તેથી તેઓની જુબાની વિસ્વનીય માની શકાય નહી,આ અંગે જોતા દરેક કેસમાં અમુક સંખ્યામાં સાહેદો તપાસવા જોઈએ કે અમુક સાહેદોને તપાસવા જ જોઈએ કે હાજર એવા તમામ સાહેદોને તપાસવા જોઈએ એવો કોઈ કાયદાનો નિયમ નથી,તેમજ ફરીયાદપક્ષે દરેક કેસમાં સ્વતંત્ર સાહેદો દવારા પોતાને કેસ સાબીત કરવો તેવો પણ કાયદાનો કોઈ નિયમ નથી અદાલતને ફકત સાહેદોના પુરાવાની ગુણવતા સાથે સબંધ હોય છે,સાહેદોની સંખ્યા સાથે નહી,અને આ કામે ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ સમયે આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો હાજર હતા અને તેઓ દવારા બનાવ નજરે જોયેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ ફરીયાદી તથા સાહેદો દવારા વિસ્વનીય જુબાની આપેલ હોય તેને નકારી શકાય નહી કે તેને શંકાસ્પદ ગણી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપજાવી શકાય નહી.વધુમાં અદાલતે જે પુરાવો રેકર્ડ આવેલ છે તેનું મુલ્યાકંન કરી નિર્ણય કરવાનો હોય છે નહી કે જે પુરાવો રજુ થયેલ નથી તેનું અનુંમાન કરીને,તેવીજ રીતે આ કામે જે સાહેદો ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ છે તે એકબીજાના સંબંધી,ઓળખીતા છે અને કોઈ સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લીધેલા નથી કે પુરાવો રજુ થયેલ નથી કે પંચસાહેદોએ સમર્થનકારી જુબાની આપેલ નથી તેટલા કારણ માત્રથી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરી શકાય નહિ આ અંગે ના.સર્વોચ્ચઅદાલતે **સ્ટેટ ઓફ યુ.પી.વિરૂધ્ધ અનિલસિંહ** એ.આઈ.આર. ૧૯૮૮ સુપ્રિમ કોર્ટ પેજ નં. ૧૯૯૮ માં એવું ઠરાવેલ છે કે,

> "The public are generally reluctant to come forward to depose before the court. It is, therefore, not correct to reject the prosecution version only on the ground that all witnesses to the occurrence have not been examined. Nor it is proper to reject the case for want of corroboration by independent witnesses if the case made out is otherwise true and acceptable".

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા આ કામના આરોપીઓ તરફેની દલીલ માની શકાય તેમ નથી. વધુમાં સામાન્ય સંજોગોમાં ફરીયાદી તથા સાહેદની જુબાની સંપુર્ણ રીતે ન માનવાને કોઈ કારણ હોતુ નથી સિવાય કે,કેસના સંજોગો એવા હોય જેથી આ અદાલત આરોપીઓની ખોટી સંડોવણી બાબતે સંમત થાય અથવા તો,સાહેદની જુબાની રેકર્ડ પરના પુરાવાઓ પરથી ન માનવાને કારણ

હોય અને નામદાર સુપ્રિમકોર્ટ દવારા ઈજા પામનાર સાહેદની જુબાની બાબતે **ભજનસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા** જે એ.આઈ.આર. ર૦૧૧ સુ.કો.પાન નં.રપપર ના ચૂકાદાના પેરા–ર૧ માં એમ ઠરાવેલ છે કે,

> "The evidence of the stamped witness must be given due weightage as his presence on the place of occurrence cannot be doubted.His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else.The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present at the time of occurrence.Thus, the testimony of an injured witness is accorded a special status in law. Such a witness comes with built-in guarantee of his presence at the scene of the crime and is unlikely spare his actual assailant in order to falsely implicate someone.Convincing evidence is required to discredit an injured witness.Thus the evidence of an injured witness should be relied upon unless there are grounds for the rejection of his evidence on the basis of **major contradiction** and discrepancies therein."

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા આ કામે ફરીયાદી કે જેઓ પામનાર સાહેદ છે તેઓ દવારા આ કામના આરોપી દવારા તેઓને માથાંમા લોખંડનો પાઈપ મારેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ બીજા સાહેદો દવારા પણ ફરીયાદીને માથામાં ઈજા થયેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ આ ઈજાઓ પણ મેડીકલ પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે,.વધુમાં ફરીયાદી,સાહેદ તથા આરોપી વચ્ચે અગાઉની તકરાર હોવાનું ફરીયાદી દવારા જણાવેલ છે જેવી રીતે પક્ષકારો વચ્ચેની તકરાર ખોટી ફરીયાદ આપવાનું કારણ હોઈ શકે તેવી જ રીતે ફરીયાદ મુજબનો સાચો બનાવ બનવા માટેનું કારણ પણ હોઈ શકે તે સંજોગોમાં માત્ર તકરાર હોવાથી બનાવ ના બનેલ હોવાનું અને ફરીયાદ ખોટી હોવાનું અનુંમાન કરી શકાય નહી આ હકકીતને બીજી તમામ બાબતો સાથે મુલવવાની હોય છે અને આ કેસમાં આવા બીજા કોઈ વિરોધાભાસ કે અસંગતાઓ રેકર્ડ પર આવેલ નથી કે જેના કારણે ફરીયાદીએ તકરાર હોવાના કારણે ખોટી ફરીયાદ આપેલ હોવાનું માની શકાય તેવા સંજોગોમાં આરોપી તરફેના વકીલશ્રીની ઉપરોકત દલીલ માની શકાય તેમ નથી.વધુમાં ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ નાઓ એ સોગંધ ઉપર વિશ્વાસલાયક પુરાવો આપેલ હોય અને બીજા સાહેદાએ પણ સંપુર્ણ રીતે ફરીયાદીને થયેલ ઈજા અંગે સમર્થનકારી પુરાવો આપેલ હોય તેમજ ઈજા પામનારની હકીકત ને સારવાર કરનાર ડોકટરની જુબાનીમાં સમર્થન મળતુ હોય

અને વિરૂઘ્ધની કોઈ વિસ્વાસલાયક હકીકત રેકર્ડ પર આવેલ ના હોય તેમજ જે પણ વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે તેનાથી હાલનો ગુન્હાનો બનાવ ન બનેલો હોય કે આરોપી બનાવસ્થળે ન હોય કે,ફરીયાદી કે સાહેદને ઈજા ન કરેલ હોય તેવુ ફલીત થતુ ના હોય એકમાત્ર આવા માયનોર વિરોધાભાસ કે જેને આધારે ફરીયાદપક્ષના કેસમા શંકા ઉદભવતી ના હોય તેને આધારે ફરીયાદપક્ષના કેસમા શંકા ઉપજાવી આરોપી આ ગુન્હામાં સંડોવાયેલ ન હોવાનું માની શકાય નહી,આ અંગે જોઈયે તો ના.સવોચ્ચ અદાલતે **સ્ટેટ વિરૂઘ્ધ સરવાનન** જે એ.આઈ.આર. ૨૦૦૯ સુ.કો. પાન નં. ૧૫૨ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

> "While appreciating the evidence of a witness,minor discrepancies on trivial matters without affecting the core of the prosecution case,ought not to prompt the Court to reject evidence in its entirety.Difference in some minor detail, which does not otherwise affect the core of the prosecution case,even if present,that itself would not prompt the Court to reject the evidence on minor variations and discrepancies."

આમ જયારે ફરીયાદી,સાહેદનાઓએ સોગંઘ ઉપર વિસ્વાસલાયક પુરાવો આપેલ હોય અને તેઓની હકીકતને સારવાર કરનાર ડોકટરની જુબાનીમાં સમર્થન મળતું હોય અને વિરૂઘ્ધની કોઈ વિશ્વાસલાયક હકીકત રેકર્ડ પર આવેલ ના હોય એકમાત્ર માયનોર વિરોધાભાસ જેમ કે,પંચસાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ હોય,ત.ક.અમલદાર દવારા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલ ના હોય તેના આધારે ફરીયાદપક્ષના કેસમા શંકા ઉપજાવી આરોપીઓ સામે નો કેસ પુરવાર ના થયેલાનું માની શકાય નહી.વઘુમાં આ કામના આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૩૨૪,મુજબના ગુન્હાનો આરોપ છે અને આ કામના આરોપી દવારા ફરીયાદીને લોખંડનો પાઈપ માથાના ભાગે મારી ઈજા કરવાનો આરોપ છે જે મુજબ ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવો જોતા આ કામના આરોપી દવારા આ કામના ફરીયાદીને માથાના ભાગે લોખંડનો પાઈપ મારીને ઈજા કરેલ હોવાનું પુરવાર થયેલ છે અને તેઓ દવારા આ ઈજાઓ લોખંડના પાઈપથી માથામાં મારવામાં આવે તો ચોકકસથી મોત નિપજાવી શકાય તેમ જણાતુ હોય આવા મોત નિપજાવી શકાય તેવા હથીયારથી કરેલ છે તેવા સંજોગોમાં આ કામના આરોપી દવારા ફરીયાદીને માથામાં લોખંડનો પાઈપ મારીને સ્વેરછાપુર્વક સાદી વ્યથા ની ઈજા કરીને ઈ.પી.કોડની કલમ–૩૨૪ મુજબનો ગુન્હો કરેલ હોવાનું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ છે.

(૨૧)વઘુમાં આ કામના આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૫૦૪,મુજબના ગુન્હાનો આરોપ છે જેથી ઈ.પી.કોડની કલમ–૫૦૪,મુજબના ગુન્હામાં દોષીત ઠરાવવા માટે આરોપીઓએ ફરીયાદી

તથા સાહેદ ને બોલવામાં આવેલા શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે અને આવા શબ્દો જે વ્યકિતને ઉદેશીને બોલવામાં આવેલ હોય તે વ્યકિત જાહેર શાંતિ નો ભંગ કરવા પ્રેરાયેલ હોવી જોઈએ કે તેમ કરવા સંભવ હોવો જોઈએ,આ કામે ફરીયાદીએ આપેલ ફરીયાદમાં આરોપી એ તેઓને ફોનમાં ગાળો આપેલાની હકીકત જણાવેલી છે અને તેઓની સરતપાસની જુબાનીમાં તેઓએ આરોપીએ ફોનમાં ગાળો આપેલ હોવાનો પુરાવો આપેલ છે પરંતું ફરીયાદની સરતપાસની જુબાનીમાં પણ ગાળોમાં શું શબ્દો બોલેલ તે રેકર્ડ પર આવેલ નથી અને આવા શબ્દો તેઓની ફરીયાદમાં પણ જણાવેલ નથી તેથી આવા કોઈ શબ્દો રેકર્ડ પર આવેલ નથી જેથી બોલવામાં આવેલ શબ્દો વિભત્સ હતા કે કેમ અને આ શબ્દોથી ફરીયાદી કે સાહેદ ઉશ્કેરાઈ જાય તેમ હતા કે કેમ તે પણ નકકી થઈ શકે તેમ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબનો ગુન્હો પુરવાર કરી શકેલાનું પણ માની શકાય તેમ નથી.વધુમાં આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૫૦૬(૨)મુજબના ગુન્હાનો આરોપ છે અને આ કલમ મુજબ જે વ્યકિતને ધમકી આપવામાં આવી હોય તે વ્યકિતને ભય ઉત્પન્ન થયેલ હોવો જોઈએ,આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૭.(૧)જી.એલ.એચ.૩૩૭ પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વી.સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવેલ છે કે,જે વ્યકતીને આવી ધમકી આપવામાં આવેલ હોય તે વ્યકતી આઘાતમાં આવી ગયેલ હોય અને આવા આઘાતથી ભયભીત થઈ રોજ બરોજનું કાર્ય કરવા અસમક્ષ થયેલ હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવવો જોઈએ જયારે આ કામે ફરીયાદીએ તેઓની ફરીયાદમાં આરોપીએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ કોર્ટ રૂબરૂની તેઓની જુબાનીમાં પણ આ કામના આરોપીએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ સાહેદ નિલેશભાઈ દવારા પણ આરોપીઓએ ધમકી આપેલ હોવાનો પુરાવો આપેલ છે પરંતું તેઓ દવારા પોતાની ફરીયાદીમાં તેમજ સરતપાસમાં તેઓ ધમકીને કારણે રોજ બરોજનું કાર્ય કરવા અસમક્ષ થયેલ હોવાનો કે આવી ધમકી ને કારણે તેઓએ કોઈ કુત્ય કરતા અટકેલ હોય કે કોઈ કુત્ય કરેલ હોય તેવો કોઈ મૌખીક પુરાવો આપેલ નથી તેમજ તેઓ દવારા ઉલટતપાસમાં સહેલાઈથી આવ જા કરી શકતા હોવાનો સ્વીકાર કરેલ છે જેથી કલમના આવશ્યક તત્વો ધ્યાને લેતા આરોપી દવારા આપવામાં આવેલ ધમકીથી ફરીયાદીને કોઈ અસર થયેલ હોવાનું ફલીત થતુ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨)મુજબનો ગુન્હો નિશંકપણે પુરવાર કરી શકેલાનું પણ માની શકાય તેમ ના હોય આરોપીઓ ને ઈ.પી.કોડની કલમ–૫૦૬ (૨) મુજબ ના ગુન્હા માં શંકાનો લાભ આપવો ન્યાયોચિત જણાય છે.વધુમાં આ કામના આરોપીઓ સામે ઈ.પી.કોડની

કલમ–૫૦૭ મુજબના ગુન્હાનો આરોપ છે જે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સૌપ્રથમ એમ પુરવાર કરવુ જોઈએ કે આરોપીએ કોઈ વ્યકતિને તથા તેની મિલ્કતને કે તેની આબરુને નૂકશાન થાય તેવી ધમકી આપેલ હોવી જોઈએ તથા તેવુ કૃત્ર્ય તે વ્યકતી ભય ઉભુ કરતુ હોવુ જોઈએ તથા જે વ્યકતીને ધમકી આપેલ હોય તેને તે કાનુની રીતે જે કૃત્ર્ય કરવા બંધાયેલો ના હોય તે કૃત્ર્ય કરવા જણાવેલ હોય તથા આરોપીએ ભોગ બનનારને આપેલી ધમકી આરોપીની ઓળખ ના થાય તે રીતે આપેલ હોવી જોઈએ,આમ કોઈ પણ આરોપીને ઈ.પી.કો.કલમ–૫૦૭ હેઠળ તકરસીરવાન ઠરાવતા પહેલા ઈ.પી.કો.કલમ–૫૦૬ હેઠળના આવશ્યકત તત્વો પુરવાર કરવા જરૂરી છે અને તે ઉપરાંત આરોપીએ આપેલ ધમકી તેની ઓળખ છતી ના થાય તેવી રીતે આપેલી હોવી જોઈએ તેવુ પુરવાર કરવુ પડે.જયારે આ કામના ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી દવારા ફરીયાદી ને પત્રથી કોઈ ધમકી આપેલ નથી તેઓ દવારા ફોનથી ધમકી આપેલ હોવાનો કેસ છે તેમ છતા આ કામે ત.ક.અમલદાર દવારા આરોપીનો કોઈ મોબાઈલ કબજે કરેલ નથી,કોઈ કોલ રેકોર્ડ મેળવીને રજુ કરેલ નથી કે આ હકીકત પુરવાર કરવા કોઈ સાહેદને આ કામે સાહેદ તરીકે દર્શાવેલ નથી તેમજ આવા કોઈ દસ્તાવેજો પણ પુરાવા દરમ્યાન રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી તેમજ ફરીયાદીના પુરાવા મુજબ આરોપી દવારા મોબાઈલ ફોન ઉપર તેઓને પોતાની ઓળખ છતી ના થાય તે રીતે ધમકી આપેલ હોવાનું પણ જણાઈ આવતું નથી જો ફરીયાદમાં તથા ફરીયાદીની જુબાનીમાં આરોપી એ ફોનમાં ગાળો આપેલાનું જણાવેલ છે તેમાં ધમકી આપેલ હોવાનો કોઈ આક્ષેપ કરવામાં આવેલ નથી,વધુમાં ઈ.પી.કોડની કલમ–૫૦૭ મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે પ્રથમ તો ફરીયાદ પક્ષે આરોપી સામેનો ઈ.પી.કોડની કલમ–૫૦૬ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર પડે જયારે આ કેસમાં ફરીયાદપક્ષ અગાઉ કરેલ ચર્ચા મુજબ ઈ.પી.કોડની કલમ–૫૦૬ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો  પુરવાર કરી શકેલ ના હોય તેવા સંજોગોમાં પુરાવાના અભાવે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ઈ.પી.કોડની કલમ–૫૦૭ મુજબનો આક્ષેપીત ગુન્હો નિશંકપણે પુરવાર કરી શકેલ ના હોય આરોપીને શંકાનો લાભ આપવાનું ન્યાયોચીત જણાય છે.

(૨૨)વધુમાં આ કામના આરોપીઓ સામે બનાવ વખતે હથીયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવા છતા તેઓ દવારા લોખંડનો પાઈપ જેવા હથીયારો ધારણ કરેલ હોય તેઓની સામે જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આરોપ છે તે અંગે આ કામના ફરીયાદીનો પુરાવો ઘ્યાને લેતા બનાવ સમયે આ કામના આરોપી પાસે લોખંડનો પાઈપ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તેમજ બનાવ સમયે સદર જાહેરનામું અમલમાં હતુ તે બાબતે જીલ્લા મેજી.કચેરીના કલાર્કને તપાસેલ છે જેઓ દવારા જાહેરનામું રજુ કરેલ છે પરંતું આ કામના ત.ક.અમલદારે રજુ થયેલ જાહેરનામું નીયમ

મુજબ પ્રસીધ્ધ કરવામાં આવેલ હતું કે કેમ તે બાબતે કોઈ પુરાવો આપેલ નથી તેવીજ રીતે જીલ્લા મેજી.કચેરીના કલાર્ક દવારા પણ જાહેરનામાની પ્રસિધ્ધી બાબતે કોઈ માહીતી ના હોવાનો પુરાવો આપેલ છે જે હકીકત તથા રજુ થયેલ જાહેરનામું ધ્યાને લેતા બનાવ સમયે જીલ્લા મેજી.નું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવાનું ફલીત થાય છે પરંતું પ્રસિધ્ધી અંગેના સ્પસ્ટ પુરાવાના અભાવે સદર જાહેરનામું નિયમોનુંસાર પ્રસિધ્ધ થયેલ હોવાનું માની શકાય તેમ ના હોય ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવાનું જાણવા છતા આરોપી એ બનાવ સમયે લોખંડનો પાઈપ ધારણ કરીને જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોવાનું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ ના હોય શંકાનો લાભ આપવાનું ન્યાયોચીત જણાય છે.

(૨૩)આમ ઉપરોકત તમામ કારણોસર ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ દવારા આ કામના ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલીને ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબનો,જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) મુજબનો તથા ફોનમાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કોડની કલમ–૫૦૭ મુજબનો તથા બનાવ વખતે હથીયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવા છતા લોખંડનો પાઈપ જેવું હથીયાર ધારણ કરીને જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિશંકપણે પુરવાર કરી શકેલ નથી,પરંતું આ કામના આરોપી દવારા આ કામના ઈજા પામનાર ફરીયાદીને માથામાં લોખંડનો પાઈપ મારીને સ્વેરછાપુર્વક ની સાદી વ્યથાની ઈજા કરી ઈ.પી.કોડની કલમ–૩૨૪ મુજબનો ગુન્હો કરેલ હોવાનું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ હોય મુદાનં.૧ નો નિર્ણય અંશત:હકારમાં આપવામાં આવે છે.

**નિષ્કર્ષ:**

(૨૪)મુદ્દા નંબર. ૨ ::–

ઉપરોકત મુદાનં.૧ ના કારણો તથા નિર્ણયો જોતા આ કામના આરોપીની સામે ઈ.પી.કોડની કલમ–૩૨૪,નો ગુન્હો નિશંકપણે પુરવાર થયેલ હોય ઉપરોકત તમામ ચર્ચા કરેલ કારણો ના આધારે મુદા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી:આરોપી:ઈન્દ્રજીતભાઈ રાજુભાઈ ધાધલને સી.આર.પી.સી.ની કલમ –૨૪૮(૧)અન્વયે ઈ.પી.કોડની કલમ–૫૦૪,૫૦૬(૨),૫૦૭ તથા જી.પી.એકટની કલમ –૧૩૫ મુજબના ગુન્હાના કામે શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી:ઈન્દ્રજીતભાઈ રાજુભાઈ ધાધલને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૨) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૪,મુજબના ગુન્હાના તહોમતમાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય હાલનું કામ સજા અંગે સાંભળવા રાખવામાં આવેલ છે.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ગઢડા
તારીખ:૦૧/૦૫/૨૦૨૬

( હિતેશકુમાર અમરભાઈ મકા )
જયુડી.મેજી.ફ.ક.ગઢડા
Judge Code No-GJ01459

(૨૬)આ કામના આરોપીઅલને તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવેલ હોય સજા અંગે સરકારશ્રી તરફે એપીપીશ્રીને તેમજ આરોપીના વિ.વકીલશ્રી ને સાંભળેલ છે.

---

આ કામના આરોપીને સજા અંગે ફરીયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી નાઓને સાંભળેલ છે જેઓ દવારા જણાવામાં આવેલ છે કે,આ કામના આરોપી દવારા આ કામના ફરીયાદીને પ્રાણ ઘાતક હથીયાર લોખંડનો પાઈપ ધારણ કરી મથાના ભાગે માર મારીને ઈજા કરેલ છે જે ગુન્હો ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુન્હો નિશંકપણે પુરવાર કરેલ છે અને આ કામે ફરીયાદીને આરોપીના કૃત્યને કારણે ભોગવવાનો વારો આવેલ છે જેથી આરોપીને પ્રોબેશનનો લાભ આપવાનો હુકમ કરવો જોઈએ નહી કારણ કે તેનાથી બીજા આરોપીને પણ ગુન્હો કરીને આવી રીતે લાભ મેળવવાની વુતીને પ્રોત્સાહન મળે તેમ જણાય છે જેથી આરોપીઓ ને કાયદા મુજબની મહતમ સજા કરવા અરજ કરેલ છે.

આ કામના આરોપીના વિધ્વાન વકીલશ્રીએ સજા બાબતે દલીલ કરે છે કે,ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ રેકર્ડ પરની હકીકત તથા ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં આરોપીનો આ પ્રથમ ગુન્હો છે,આ કામના આરોપી મોટી ઉમરના છે,કોઈ વાર અગાઉ સંડોવાયેલ હોય તેવુ ફલીત થતું નથી,ગરીબ ઈસમ હોય તેઓની ઉપર કોટુંબીક જવાબદારી હોય,આરોપી એ કોઈ ઈરાદાપુર્વક કુત્ય કરેલ નથી કોઈ ગુન્હો કરેલ નથી જેથી ઓછી સજા કરવા તેમજ આરોપીઓ ને સુધરવાની તક આપવી જોઈએ જેથી આરોપીઓને પ્રોબેશન એકટ હેઠળ પ્રોબેશનનો લાભ આપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

આ કામના બંન્ને પક્ષોની દલીલો ધ્યાને લેતાં આ કામના આરોપી આ અગાઉ ગુન્હામાં સં ડોવાયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી,વધુમાં શિક્ષાની જે વિવિધ વિચારસરણીઓ છે જેમાની એક વિચારસરણી સુધારાતમક વિચારસરણી છે જેનો મુખ્ય હેતું એવો છે કે,ગુન્હેગારો જન્મથી ગુન્હેગારો હોતા નથી પરંતું ખાસ સંજોગો વ્યકતીને ગુન્હો કરવા માટે પ્રેરીત કરે છે અને સંજોગો ઘણીવાર એવા હોય છે કે,સામાન્ય વ્યકિત તે સંજોગો ઉપર કાબુ મેળવી શકતી નથી અને ગુનો કરી બેસે છે જો કે તેવી વ્યકિતનો હકીકતમાં કોઈ ગુન્હો કરવાનો ઈરાદો કે હેતુ હોતો નથી પરંતું હાલના કેસની હકીકત જોતા આરોપીએ કોઈ આકસ્મીક સંજોગોમાં ઉશ્કેરાટમાં ગુનો કરેલાનુ જણાતુ નથી અને આરોપી દવારા લોખંડનો પાઈપ જેવા હથીયારો ધારણ કરી આ કામના ફરીયાદી માથાના ભાગે માર મારીને સ્વેરછાપુર્વક સાદી વ્યથાની ઈજા કરેલી છે જેના કારણે ફરીયાદીને માનસીક,શાઢ રીરીક તથા આર્થીક રીતે ભોગવવું પડેલ છે,વધુમાં કોઈ પણ કારણ વગર આરોપીના ફરીયાદીને માર

મારવાના આવા ગુન્હામાં જો આરોપીને પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો સમાજમાં બીજા આરોપીને પણ આવા ગુન્હા કરવાનું પ્રોત્સાહન મળે અને સમાજમાં કાયદાનું શાસન જળવાય નહી. વધુમાં આરોપી દવારા જે સંજોગોમાં અને જે પ્રકારે ગુન્હો કરવામાં આવેલ છે તે સંજોગો તથા ફરીયાદીની ઈજાનો પ્રકાર તથા હાલ ના સામાજીક સંજોગો આ તમામ હકીકતો ઘ્યાને લેતા માત્ર આરોપી સામેનો આ પ્રથમ ગુન્હો હોય તેવા કારણોસર આ કામના આરોપીને પ્રોબેશનનો લાભ આપવાનું ન્યાયોચીત જણાતું નથી.આમ આ કામના આરોપીને પ્રોબેશન નો લાભ આપવાપાત્ર થતો ન હોય તેઓને તેઓની સામેના પુરવાર થયેલા ગુન્હા અંગે સજા કરવાની રહે છે જેથી આરોપીને તેઓની સામેના પુરવાર થયેલા ગુન્હામાં કેટલી સજા કરવી જોઈએ તે નકકી કરવાનું રહે છે આરોપી સામેના પુરવાર થયેલા ગુન્હાંમાં જણાવામાં આવેલી પુરી સજા થઈ શકે તેમજ જો કોઈ એવા કારણો હોય તો તેનાથી ઓછી સજા પણ કરી શકાય,આ મુદા બાબતે પ્રથમતો કાયદાની સ્થીતી જાણવી જરૂરી બની જાય છે અને આરોપીને સજા કરવા બાબતે નામદાર સુપ્રિમકોર્ટ દવારા **Hazara Singh V/s. Raj Kumar, 2013 (9)SCCPage No. 516** અવલોકન કરેલ છે કે**,**

> “This Court has observed that it is the duty of the courts to consider all the relevant factors to impose an appropriate sentence. The legislature has bestowed upon the judiciary this enormous discretion in the sentencing policy, which must be exercised with utmost care and caution. The punishment awarded should be directly proportionate to the nature and the magnitude of the offence. The benchmark of proportionate sentencing can assist the Judges in arriving at a fair and impartial verdict. This Court further observedthat the cardinal principle of sentencing policy is that the sentence imposed on an offender should reflect the crime he has committed and it should be proportionate to the gravity of the offence.

આમ ઉપરોકત ચુકાદા સાથે હાલના કેસની હકીકત ઘ્યાને લેતા આ કામના આરોપીદવારા કોઈ પણ વ્યાજબી કારણોવગર પોતાનો ગેરકાયદેસર સમાન ઈરાદો પાર પાડવા માટે ફરીયાદીને લોખંડના પાઈપથી માર મારીને સ્વેરછા પુર્વેક સાદીવ્યથાની ઈજા કરેલી છે જેના કારણે ફરીયાદીને શારીરીક **,**માનસીક તકલીફ ભોગવવી પડેલ છે તેમજ આર્થીક રીતે સહન કરવાનો વારો પણ આવેલ છે જેથી આરોપી દવારા આચરવામાં આવેલ ગુન્હાના પ્રમાણમાં તેઓને સજા કરવી અનિવાર્ય બની જાય છે**,** જેના માટે આરોપી દવારા આચરવામાં આવેલ ગુન્હા સાથે ફરીયાદી ને કરવામાં આવેલ ઈજા**,**ગુનાની ગંભીરતા અને સ્વરૂપ સાથે આરોપીની સામાજીક સ્થીતી તથા ઉમર ઘ્યાને લેતા ઈ.પી.કોડની કલમ–૩૨૪**,**મુજબના ગુન્હાઓ હેઠળની મહત્તમ સજા ન કરતાં તેનાથી ઓછી સજા કરવામાં

આવે તો ન્યાય નો હેતુ જળવાય તેમ હોય સજા અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી:ઈન્દ્રજીતભાઈ રાજુભાઈ ધાધલને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૨) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૪ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૦૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો તથા રૂા.૧૦૦૦/–(અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો આરોપી દંડની રકમ ભરવામા કસુર કરે તો વધુ–૦૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ ટ્રાયલ દરમ્યાન જો કાચા કામના કેદી તરીકે સજા ભોગવેલ હોય તો સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ મો.સા.અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ બિનશરતી કાયમ રાખવામાં આવે છે તેમજ બિનકિમતી મુદામાલ લોખંડના પાઈપનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપીના જામીન ખત રદ કરવામાં આવે છે.

(૬) આ કામના આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૩૬૩ મુજબ વિના મુલ્યે હુકમની નકલ પુરી પાડવી.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: ગઢડા
તારીખ:૦૧/૦૫/૨૦૨૬

( હિતેશકુમાર અમરભાઈ મકા )
જ્યુડી.મેજી.ફ.ક.ગઢડા
Judge Code No-GJ01459